# સમન્વય અને સંસ્કાર વગર વિકાસ અધૂરો જ ગણાય



સિંગાપુર શહેર, જે પોતે એક દેશ પણ છે તેની વસતિ 61 લાખની છે અને તેમાં પણ બધા નાગરિકો નથી. નાગરિકો માત્ર 37 લાખ છે. બાકીના પરમેનેન્ટ રેસિડેન્ટ જેવી અન્ય કેટેગરીઓમાં આવે છે. માત્ર મુંબઈ શહેરની વસતિ બે કરોડ તેર લાખની છે. થાણે, વિરાર, પાલઘર, પનવેલ વગેરેની વસતિ અલગ. એકલા થાણે જિલ્લાની વસતિ 1 કરોડ 11 લાખ જેટલી છે. મુંબઈ અને આ જિલ્લાઓ મળી લગભગ ચાર કરોડની વસતિ બને છે. તે સામે સિંગાપુર એક નાનકડું બચ્ચું ગણાય. પરંતુ ત્રણેક દશકથી સિંગાપુરનું ચાંગી ઈન્ટરનેશનલ એરપોર્ટ દુનિયાનું સર્વશ્રેષ્ઠ એરપોર્ટ ગણાતું આવ્યું છે. એરપોર્ટનો અત્યંત વિવેકી સ્ટાફ, તેની કાલીન બીછાવેલી શોપિંગ આર્કેડ, બગીચા, દુનિયાના એરપોર્ટસને ઝાંખા પાડી દે. એ એરપોર્ટ જોઈને જ મનમાં સવાલ જાગે કે એક શહેરના નાનકડા દેશને આટલું સુંદર અને ભવ્ય એરપોર્ટ પોસાય કેવી રીતે? તેનો જવાબ એ છે કે દુનિયાભરમાંથી પ્રવાસીઓ અને પ્રવાસી બિઝનેસમેનો સિંગાપુરમાં આવે અને જાય છે. તેઓ ચાંગીને ધમધમતું રાખે છે. ચાંગી દુનિયાનું એક વેલકનેક્ટેડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે.

**સિંગાપુર કરતાં કદમાં મોટું હોવા છતાં સુરત પાસે એવાં કોઈ અદ્યતન જોવા લાયક ઠેકાણાં નથી. મુંબઈ પાસે જે છે તે આજથી સો વરસ પૂર્વે અંગ્રેજો બાંધી ગયા હતા તે ભવ્ય ઈમારતો છે**

સિંગાપુર પાસે એવી કેટલીય ચીજો છે જે સિંગાપુરમાં પોતાના માપ કરતાં ઘણી મોટી ગણાય. એ બધાં અસ્તિત્વો જોવાનું લોકોને ગમે છે અને તેથી ત્યાં દુનિયાના લોકો આવે છે. સિંગાપુર કરતાં કદમાં મોટું હોવા છતાં સુરત પાસે એવાં કોઈ અદ્યતન જોવા લાયક ઠેકાણાં નથી. મુંબઈ પાસે જે છે તે આજથી સો વરસ પૂર્વે અંગ્રેજો બાંધી ગયા હતા તે ભવ્ય ઈમારતો છે. ટાટાએ બાંધેલી તાજ હોટેલ છે. સિંગાપુર શહેર યુરોપ-અમેરિકાનાં શહેરોની બરાબરી કરી શકે તેવું નથી. અમુક બાબતોમાં સિંગાપુર કરતાં હોંગકોંગ ખૂબ ચડિયાતું છે. પરંતુ સિંગાપુરે પ્રેક્ષણીય સ્થળો વિકસાવ્યાં છે અને ટુરિઝમને મહત્વનું સ્થાન આપ્યું છે.

છેલ્લા પચાસ વરસમાં મુંબઈનાં પરાંઓ ખૂબ વધ્યાં છે, પરંતુ એકમેકની કાર્બન કોપી જેવાં. સરકારી તંત્રો પાસે કોઈ કલ્પનાશીલતા નથી અને નિયત નથી. મુંબઈમાં એક એસએલવર્લ્ડ જેવું પ્રમાણમાં, સિંગાપુરની સરખામણીમાં ઘણું નબળું સ્થળ હતું તે પણ હવે બંધ પડ્યું છે. સિંગાપુર જતાં પ્રવાસીઓમાં ભારતીયોની સંખ્યા ખૂબ મોટી છે. કારણકે દેશમાં પ્રાચીન સ્થળો સિવાય કશું અદ્યતન નથી જે જોવા (દુનિયાના તો બાજુએ રહ્યાં) દેશના લોકો જાય. જે પર્યટન થાય છે તે યાત્રા ધામોનું ધાર્મિક પર્યટન થાય છે. આધુનિક પર્યટનધામો દુબાઈ, રિયાધ, હોંગકોંગ અને ખાસ કરીને નાનકડા સિંગાપુરને પરવડે તો મુંબઈ, સુરત અમદાવાદ જેવા શહેરોને શા માટે ન પરવડે?

**કબીરા ખડા બજાર મેં**

**વિન્સી મરચન્ટ**

એટલા માટે ન પરવડે કે પર્યટન વિકાસ સાથે સુસંગત હોય એ રીતે અનેક યંત્રણાઓ સ્થાપીને ચોક્કસ બનાવવી પડે. આજે ભારતમાં લોકો મોટાં શહેરોમાં જાય તો ત્યાં વધુ લોકો, વધુ વાહનો અને વધુ રીક્ષાઓ જ જોવા મળે. અરાજકતા અને ગંદકી અવ્વલ દરજ્જાની હોય. મુંબઈની લોકલ ટ્રેનોની ગીરદી જોઈને લોકો ડઘાઈ જાય. નવા પ્રવાસીઓ તેમાં ફસાઈ જાય. કેટલાંક દિશાભાન અને સ્થળભાન ભૂલી જાય. કેટલાંક બેભાન થયાના અને વિખૂટા પડીને મરણ પામવાના કિસ્સા પણ નોંધાતા રહે છે. શહેરો ત્યાંના સ્થાનિક નાગરિકો માટે રહેવાને લાયક રહ્યાં નથી ત્યાં પર્યટકો માટે તો મુલાકાત એક સાહસ બની જાય. યોગ્ય હોટેલો અને રૂમો ન મળે. રીક્ષાવાળાઓ, ટેક્સીવાળાઓ ખોટા લાંબા રસ્તે ફેરવીને લૂંટે. જરૂર હોય ત્યારે તે મળે નહીં. સિટી બસમાં જવાનું અજાણ્યાઓ માટે દુ:સાહસ બની જાય. આવાં અનેક વિપરિત પરિબળોને કારણે એક મોટો વર્ગ પ્રવાસે જવાનું ટાળે છે. હમણાં ગુજરાતી અખબારોમાં હેડલાઈન છપાઈ હતી કે અમદાવાદ-મુંબઈ હાઈવે દોજખ સમાન બની ગયો છે. આવી સ્થિતિ ઘણા વરસોથી બને છે.

હમણાંથી દેશના માળખાંનો વિકાસ ઝડપી બન્યો છે. પરંતુ તેનો સમન્વય થાય તે ખૂબ જરૂરી છે. નવી મુંબઈ ખાતે હમણાં વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક અદ્યતન અને વિરાટ એરપોર્ટનું ઉદઘાટન કર્યું. હકીકતમાં આવું અદ્યતન એરપોર્ટ આજથી પાંત્રીસ ચાલીસ વરસ બાંધવાની જરૂર હતી. મુંબઈમાં નવી મેટ્રો ટ્રેનો અને અટલ સેતુ વગેરે બંધાયા છે. પરંતુ જેમાં બેસવાનો ડર લાગે એવી ખખડધજ ટેક્સીઓ બંધ થશે? આ લખનારનો અનુભવ છે કે સહાર એરપોર્ટથી રાત્રે બે વાગ્યે એવી ટેક્સી મળી જેના પાછલા ભાગમાંથી બિલાડી નિકળી જાય એવડું મોટું કાણું હતું. નવું એરપોર્ટ બનાવાથી શું ટેક્સીવાળાઓ ચાલાકીઓ નહી કરે? પેસેન્જરોને લૂંટશે નહીં? બધા સારાં વાનાં શક્ય છે જો પર્યટન વિભાગ, આરટીઓ, હોટેલ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ, મ્યુનિસિપલ વિભાગ વચ્ચે તાલમેલ હોય તો! એ તાલમેલ ત્યારે જ બેસે જ્યારે ભ્રષ્ટાચારમાં નોંધપાત્ર ઘટાડો થાય, અને રાષ્ટ્રપ્રત્યેની ભાવના વધે.

વિદેશોમાં બિઝનેસમેનોને એસ્ટાબ્લીશમેન્ટ બાંધવા હોય છે. જેવાં કે હીટેલ્સ, રેસ્ટરાં, રેલવે, બસનેટવર્ક, યુનિવર્સલ અને ડીઝની જેવા સ્ટુડીઓ, મ્યુઝિયમો ફેરી ક્રુઈઝ વગેરે. પણત્યાં એ બધાંની સંખ્યા અને સર્વિસ એટલી છલકાતી હોય છે કે નવા ગ્રાહકો મળતાં નથી. શું કરીએ તો લોકોને એકત્ર કરી શકાય, આવકારી શકાય? તે માટેના પ્લાન તેઓ ઘડતાં હોય છે. કોઈ એકમ સફળ બને, લોકો આવતાં થાય તો તેઓ ખુશ થાય છે. ભારતમાં જયાં ગ્રાહકો મળી શકે તેમ છે ત્યાં પણ ઉદ્યોગપતિઓ સાહસ કરતાં નથી. સિંગાપુરમાં વિશાળ યુનિવર્સલ સ્ટુડીઓઝ છે. લગભગ દોઢસો વીંઘા જમીન પર ફેલાયેલો છે. યુનિવર્સલ સ્ટુડીઓઝ મૂળ હોલીવૂડનો જૂનો ફિલ્મ સ્ટુડીઓ. પણ દુનિયામાં તેણે ડિઝનીલેન્ડની માફક પ્રત્યક્ષ મનોરંજનનાં સ્થળો બાંધ્યાં છે. સિંગાપુર પાસે જમીનનો અભાવ છે. ના જે જે સ્ટુડીઓઝ છે તેમાંનો સૌથી નાનો છે. કારણ જમીનનો અભાવ. પરંતુ તેમાં નયનરમ્યથી માંડીને વૈજ્ઞાનિક તેમજ ખૌફનાક મનોરંજનના અઠાવીસ એકમો છે. તે જોવા આવનારાઓમાં ભારતના લોકોની સંખ્યા મોટી હોય છે. ભારત પાસે જમીન પણ છે, ગ્રાહકો પણ છે પણ ઉદ્યોગપતિઓ પાસે કોઇ નવું દષ્ટિસાહસ નથી અને હોય તો પણ સરકારની નીતિ-રીતિઓ પ્રોત્સાહક નથી. આ પ્રવૃતિ માત્ર એક ઉદાહરણ છે. મુંબઈની આસપાસ અને ભારતમાં અનેક ભૌગોલિક સ્થિતિઓ ઈશ્વરના વરદાનરૂપે મળી છે, પરંતુ ઉદ્યોગ સાહસિકોને રસ નથી. માત્ર શેરબઝારમાં અને ફાઈનાન્સ સેક્ટરમાં વધુ રસ પડે છે. જો પર્યટન અને અન્ય નવી ઈકોનોમીનાં સાહસો વધશે તો શેરબઝાર પણ વધુ ફેલાશે.

ભારતમાં જે વિદેશી સહેલાણીઓ આવવાના આંકડાઓ જાહેર થાય છે તેમાં ખૂબ મોટો ભાગ એ લોકોનો હોય છે જેઓ મૂળ નાગરિકો બન્યાં હોય છે. થોડા વિદેશીઓ ગોવામાં અને દક્ષિણ ભારતમાં આવે છે. ભારત ગરમ પ્રદેશ છે, પરંતુ ગરમી તો દુબઈ અને સાઉદી અરેબિયામાં ભારત કરતાં વધુ પડે છે. ત્યાં દુનિયાભરના પ્રવાસીઓ પહોંચે છે. કારણ કે યોગ્ય વ્યવસ્થા અને પર્યટનધામો તેઓએ વિકસાવ્યાં છે. પશ્ચિમના પ્રવાસીઓ આપણા દેશમાંની અરાજકતા અને ગંદકીથી ત્રાસી જાય છે. વિદેશી ફિલ્મકારો ગરીબી અને અવ્યવસ્થાનું પરમ ચિત્રણ કરવા ભારત આવે છે. કારણ કે ત્યાં તેઓએ એવા સેટ બાંધવા ન પડે. મુંબઈ, સુરત-પુણે વગેરે બિઝનેસમાં મોટા કેન્દ્રો છે એટલે નવા એરપોર્ટને પ્રવાસીઓ મળી રહેશે, પણ નવા પર્યટકો ખેંચી લાવવા માટે ખાસ યત્નો કરવા પડશે. નવા પ્રવાસધામો સ્થાપવા પડશે અને તે માટે સરકારોએ એટલા પ્રોએક્ટિવ બનવું પડે જેટલા તેઓ ચૂંટણી ટાણે અને સરકારોની ખરીદી અને વેચાણ વખતે ફાઈવસ્ટાર હોટેલોમાં કે રિસોર્ટમાં જઈને બને છે. ઉદ્ધવ ઠાકરેએ વ્યક્તિગત દ્વેષ અને મનમરજી અનુસાર બુલેટ ટ્રેનનો ભારતનો સૌથી મોટો અને પ્રથમ પ્રોજેકટ પાંચ વરસ વધુ લંબાવી દીધો. મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત અને દેશને એક બુદ્ધિવિહિન શખ્શે ગંજાવર નુકસાન પહોંચાડયું છે છતાં એ આજે પણ એક મોટા વર્ગનો લીડર છે. મુંબઈનું નવું એરપોર્ટ સુખી અને ભદ્ર સમાજનું જીવન વધુ સરળ અને સુખી બનાવશે. પરંતુ જ્યાં સુધી દેશના મોટા ભાગના લોકો તેનો લાભ ઊઠાવતાં નહીં થાય ત્યાં સુધી એ સફળ નહીં ગણાય. ભારતમાં વિકાસની તકો વિશાળ અને અનંત છે. પરંતુ તે ત્યારે જ સાકાર બનશે જયારે લોકો અને નેતાઓ એકમેકનાં ટાંટિયા ખેંચવાનું બંધ કરશે.

## ૭૫ વર્ષની નિવૃત્તિવય માત્ર એક તુક્કો છે?



નેતાઓ માટે નિવૃત્તિ વયમર્યાદા અંગે RSS અને BJP દ્વારા મારવામાં આવેલી ગુલાંટ પછી, 75 વર્ષની વયમર્યાદા રાજકીય વર્તુળોમાં મજાકનો વિષય બની ગઈ છે. RSS વડા મોહન ભાગવત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં એક સપ્તાહ દરમ્યાન જ 75 વર્ષના થયા હોવા છતાં, તેઓ તેમના પદ પર ચાલુ રહ્યા છે. આ પવિત્ર યાદીમાં બીજા રાજકીય નેતા CPIના મહાસચિવ ડી. રાજા છે. તેઓ 76 વર્ષના છે પરંતુ હજુ પણ મજબૂત રીતે આગળ વધી રહ્યા છે. ઓગસ્ટમાં ચંદીગઢમાં પાર્ટી કોંગ્રેસમાં મહાસચિવ તરીકે ચાલુ રહેવાના તેમના નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. RSS અને BJP બંને માને છે કે તેમના સંબંધિત સંગઠનોમાં ટોચના નેતાઓ માટે નિવૃત્તિની કોઈ ઉંમર નથી પરંતુ ડાબેરી પક્ષો, CPI(M) અને CPI બંને ખરેખર એક ઠરાવ ધરાવે છે જેમાં તેમના અગ્રણી કાર્યકરોને 75 વર્ષની ઉંમરે રાજીનામું આપવાનું જણાવવામાં આવ્યું છે. હકીકતમાં, ભૂતપૂર્વ CPI(M) મહાસચિવ પ્રકાશ કરાતે 67 વર્ષની ઉંમરે સીતારામ યેચુરીને પદ સોંપ્યું હતું અને આજે, તેઓ કે તેમની પત્ની બ્રિંદા કરાત પક્ષનું કોઇ પદ ધરાવતા નથી, ટોચના નિર્ણય લેતી સંસ્થા, પોલિટબ્યુરોના સભ્ય તરીકે પણ નહીં. બંને 77 વર્ષના છે. ગયા વર્ષે રાજા 75 વર્ષના થયા છે. ઠરાવ મુજબ તેમણે નિવૃત્ત થવું જોઇએ પરંતુ પાર્ટીએ નિર્ણય લીધો હતો કે તેમણે મહાસચિવ તરીકે ચાલુ રહેવું જોઈએ કારણ કે તે યોગ્ય અનુગામી પસંદ કરવામાં અસમર્થ હતી. જે કોઈ પૂછે છે કે તેઓ 76 વર્ષની ઉંમરે પણ મહાસચિવ કેમ છે, રાજા મજાક કરી રહ્યા છે કે ભાગવત અને મોદીએ રસ્તો બતાવ્યો છે. દુ:ખની વાત છે કે, ૨૦૧૪માં મોદી જ્યારે વડા પ્રધાન બન્યા ત્યારે ભાજપના દિગ્ગજ નેતાઓ લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી ૭૫ વર્ષની વયમર્યાદાનો ભોગ બન્યા હતા. બંનેને હવે બંધ થઈ ગયેલા માર્ગદર્શક મંડળમાં ઉતારી દેવામાં આવ્યા હતા.

**ઈધર-ઉધરકી**

**આરતી જેરથ**

## ચૂંટણી પહેલાં બિહાર NDAમાં ભારે સખળડખળ



લોક જનશક્તિ પાર્ટીના નેતા ચિરાગ પાસવાન બિહારમાં NDAમાં વિવાદનું કારણ બની ગયા છે. ભાજપના અન્ય સાથી પક્ષો, નીતિશ કુમારના જનતા દળ (યુનાઈટેડ), જીતન માંઝીના હિન્દુસ્તાની અવામ મોરચા અને ઉપેન્દ્ર ખુશવાહાના રાષ્ટ્રીય લોક મંચને શંકા વધી રહી છે કે ભાજપ દ્વારા પાસવાનનો ઉપયોગ ગઠબંધનમાં તેમનું કદ ઘટાડવા માટે કરવામાં આવી રહ્યો છે. આ ત્રણેય પક્ષો નારાજ છે કે ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટીએ માત્ર એક જ બેઠક જીતી હોવા છતાં, LJP ને ચૂંટણી લડવા માટે ૨૯ બેઠકો ફાળવવામાં આવી છે. તેમને શંકા છે કે મુખ્ય મંત્રીપદ માટે ચૂંટણી પછીની સોદાબાજી કરવાની શક્તિ વધારવા માટે ભાજપ દ્વારા LJP પ્રતીક હેઠળ પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની આ એક યુક્તિ છે.હકીકતમાં, આ શંકાએ ઉમેદવારીપત્રોની પૂર્વસંધ્યાએ NDAને લગભગ પાટા પરથી ઉતારી દીધું હતું કારણ કે નીતિશ કુમારે ભાજપને નોટિસ પર મૂકી દીધો હતો. તેઓ ખાસ કરીને ગુસ્સે હતા કારણ કે તેમના ગૃહક્ષેત્ર નાલંદામાં રાજગીર વિધાનસભા બેઠક પાસવાનને JD(U) ના ગઢ ગણાતી ચાર અન્ય બેઠકો સાથે આપવાનું વચન આપવામાં આવ્યું હતું. જો આ યોજના પૂર્ણ થઈ હોત, તો JD(U) પાંચ જીતેલી બેઠકો ગુમાવી દેત, જેના કારણે તેની સોદાબાજી કરવાની ક્ષમતા ઓછી થઈ જાત. HAM નેતા જીતન માંઝી અને RLM નેતા ઉપેન્દ્ર ખુશવાહાએ પણ પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો કે ભાજપ અન્ય સાથી પક્ષો કરતાં પાસવાનની વધુ તરફેણ કરી રહ્યો છે. ખુશવાહાએ ટેલિવિઝન સાઉન્ડ બાઇટ સાથે જાહેરમાં કહ્યું હતું કે આ વખતે NDAમાં બધું બરાબર નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જે ભાજપના મુખ્ય ચૂંટણી મેનેજર પણ છે, તેમણે સાથી પક્ષોને શાંત કરવા અને શાંતિ પુન:સ્થાપિત કરવા માટે પટના જવું પડ્યું પરંતુ રાજકીય વર્તુળો કહે છે કે બિહારમાં NDAમાં BJPના ટ્રોજન હોર્સ તરીકે જોવામાં આવતા પાસવાન અંગે શંકા યથાવત છે.

## શેહબાઝના ભાષણ વખતે ટ્રમ્પની રમૂજી હરકત!



શર્મ અલ-શેખમાં શાંતિ સમિટમાં પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફના ભાષણને ડોકું તાણીને જોવાનો પ્રયાસ કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જોવું એક રમૂજી દૃશ્ય હતું. જેમ જેમ શરીફે ટ્રમ્પની પ્રશંસા કરી અને પુનરોચ્ચાર કર્યો કે મે મહિનામાં ભારત-પાકિસ્તાન યુદ્ધ બંધ કરવા બદલ અમેરિકન પ્રમુખ કરતાં નોબેલ શાંતિ પુરસ્કાર માટે કોઈ વધુ લાયક નથી, ટ્રમ્પ તેમના લેખિત ભાષણ પર નજર નાખવા માટે પાકિસ્તાની વડા પ્રધાન પર ઝૂકેલા જોવા મળ્યા. હકીકતમાં, તેઓ શરીફની એટલી નજીક પહોંચી ગયા કે એક સમયે પાકિસ્તાની વડા પ્રધાને પોતાને શ્વાસ લેવાની જગ્યા આપવા માટે તેમને કોણીથી દૂર કરવા પડ્યા!

**સટ્ટાક** — કમલ




# ચૂંટણી વચ્ચે મોટા નેતાનો થયો પર્દાફાશ

આજકાલ ક્રાઈમમાં ભયંકર ટ્રેન્ડ ચાલી રહ્યો છે. યુવાન પ્રેમી, અને પ્રેમિકા પણ, પ્રેમસંબંધના ભાગીદારને મારી નાંખે, કાપી નાંખે, બાળી નાંખે, પીપડામાં લાશ પૂરી દે, ઘરના આંગણમાં દફનાવી દે. અરે, હનીમૂન પર નીકળેલી નવોઢા જૂના પ્રેમી થકી નવજાત પતિને રહેંસાવી નાંખે છે. આ બધુ સાંભળી, વાંચીને મગજ બહેર મારી જાય છે. આ સમાજ અને આપણે કેવા અધ:પતન ભણી ધસમસતા જઈ રહ્યાં છીએ? આવા કેસમાં પોલીસ માટે પ્રમાણમાં કામ આસાન હોય છે અને અદાલતમાં ય બહુધા ગુનેગાર તકસીરવાર કરે છે. પરંતુ આવા મામલામાં ગુનેગારને સજાથી સંતોષ થતો નથી, બલ્કિ સંતાપ થાય છે. ભાવિ પેઢી માટે મનમાં ફફડાટ રહે છે. જીવન-સાથી કે જીવન-સંગીની જ મૃત્યુદાતા બને અને એ પણ યમરાજા પાસેથી પતિને પાછા લાવનારી ભૂમિ પર?

ખેર, આજે એવા અધમ કૃત્યની વિગતોમાં ડોકિયું કરવું છે કે જેના ચુકાદાથી એક તરફ પરમ આનંદ થાય ને બીજી બાજુ અનહદ ધિક્કાર ઉપજે. આ કેસ પર્દાફાશ થવાની શરૂઆત થઈ 2024માં. એ વર્ષના એપ્રિલમાં કર્ણાટકના રાજકારણમાં ભયંકર ખળભળાટ મચી ગયો હતો. ભૂતપૂર્વ વડા પ્રધાન હરદનહલ્વી ડોડેગોવડા દેવેગોવડાના પૌત્ર અને સંસદ સભ્ય પ્રજ્વલ રેવન્ના સામે જાતીય શોષણ કર્યાના આરોપ મુકાયા હતા. એટલું જ નહિ, પ્રજ્વલના કુકર્મના કથિત વીડિયો પણ સામે આવ્યા હતા. એક તો 11 મહિના વડા પ્રધાન રહી ચૂકેલા પૌત્ર, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન એચ.ડી. રેવન્નાના પુત્ર અને પોતે સંસદસભ્ય તથા સાથોસાથ નજીક આવતી લોકસભાની ચૂંટણીમાં ભા.જ.પ. સમર્થિત ઉમેદવાર સૌએ માની લીધું કે આ તો પ્રજ્વલ રેવન્નાના રાજકીય હરીફોનું એને બદનામ કરવાનું કારનામું છે.

**ક્રાઈમ કોડ**

**પ્રફુલ શાહ**

કર્ણાટકની હાસન બેઠક પર એન.ડી.એ.ના ઉમેદવાર તરીકે ફરી જીતવાના દાવેદાર મનાતા પ્રજ્વલ રેવન્ના સેક્સ સ્કેન્ડલના કર્તાધર્તા હોવાના આક્ષેપ હાસન જિલ્લામાં જ શરૂ થયા હતા. પરંતુ આ આક્ષેપ સાબિત કરતા પુરાવા નહોતા. આ સાથે રેવન્નાએ પણ કથિત વીડિયો ટીવી ચેનલ કે સોશ્યલ મીડિયા પર પ્રસારિત થતા રોકવા માટે અદાલતમાંથી મનાઈહુકમ પણ મેળવી લીધો હતો. તેમણે કોર્ટમાં દાવો કર્યો હતો કે પોતાને સંડોવતા હોવાનું દર્શાવતા વીડિયો સરાસર જુઠાણું છે અને સદંતર બનાવટ છે. ચૂંટણી ટાણે આવા ઘણાં ગોરખધંધા થતા હોય છે. ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હાસનમાં ચૂંટણી સભા સંબોધીને પ્રજ્વલ રેવન્નાને ભારે સરસાઈથી વિજયી બનાવવા માટે પ્રજાને અપીલ પણ કરી હતી.

**જીતની નિશ્ચિતતાવાળો પ્રજવલ રેવન્ના ચૂંટણી બાદ તરત ડિપ્લોમેટિક પાસપોર્ટ પર દેશ છોડીને ભાગી ગયો. પલાયન થઈ જવા સુધી એની સામે કોઈ ફરિયાદ નોંધાઈ નહોતી તો પછી શેના ડરથી ભાગી ગયો હતો!**



ખરેખર પ્રજવલ રેવન્નાની જીત નક્કી મનાતી હતી પરંતુ મતદાનના ચાર દિવસ અગાઉ પ્રજ્વલ રેવન્નાને કેટલીક મહિલાઓ સાથે વાંધાજનક સ્થિતિમાં દર્શાવતા વીડિયોની પેનડ્રાઈવ હાસન જિલ્લામાં વાયરલ થઈ ગઈ. આ વીડિયોથી લોકોને લાગેલા આંચકા વચ્ચે 25મી એપ્રિલે મતદાન થઈ રહ્યું હતું, ત્યારે સરકાર પોલીસ તંત્ર જાગ્યા અને એકદમ હરકતમાં આવી ગયા.

આશ્ચર્યની બીના એ બની ગઈ કે વગદાર રાજકરણી, મોટા-બાપ-દાદાનો ફરજંદ અને જીતની નિશ્ચિતતાવાળો પ્રજવલ રેવન્ના ચૂંટણી બાદ તરત ડિપ્લોમેટિક પાસપોર્ટ પર દેશ છોડીને ભાગી ગયો. આવા પાસપોર્ટને લીધે એને વિઝાની રાહ જોવી ન પડી. પલાયન થઈ જવા સુધી એની સામે કોઈ ફરિયાદ નોંધાઈ નહોતી. તો પછી શેના ડરથી ભાગી ગયો હતો!

આની સાથે પેન ડ્રાઈવના અશ્લીલ વીડિયોના ભંડારથી રાજકીય ગરમાવો વધવા માંડ્યો. એનો તાપ જનતા દળ (એસ)થી સહન ન થયો એટલે દાદાએ સ્થાપેલા અને પપ્પાએ ચલાવેલા પક્ષ જનતા દળ (એસ) માંથી પ્રજ્વલ રેવન્નાએ સસ્પેન્ડ કરી દેવા પડે. એ દિવસ હતો 30મી એપ્રિલ. પક્ષનું પ્રાથમિક સભ્યપદ ગુમાનવારા પ્રજ્વલ માટે આ તો પાશેરીમાં પડેલી પુણી હતુ.

કર્ણાકમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એચ.ડી. કુમાર સ્વામીનો આ ભત્રીજા બેંગ્લોર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજીમાંથી મેકેનિકલ એન્જિનિયર થયો હતો. પછી ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીમાં માસ્ટર્સ ડિગ્રી પ્રોગ્રામ પ્રવેશ લીધો પણ રાજકારણમાં જવાની ઉતાવળે માસ્ટર બનવાથી વંચિત રાખ્યો. 2019માં તેને જનતાદળ (સેક્યુલર) ના રાજ્ય એકમનો મહાસચિવ બનાવ્યો. આ અગાઉ 2014થી જ તે હાસનમાં એચ.ડી. દેવગોવડાના પ્રચાર અભિયાનમાં જોડાઈ ચૂક્યો હતો. 2018માં પક્ષે વિધાનસભાની ટિકિટ ન આપી પણ હિંમત રાખીને તે રાજકારણમાં સક્રિય રહ્યો હતો. 2019માં દેવગોવડાએ પૌત્રને હાસનમાંથી લોકસભાની ચૂંટણી લડવા દીધી અને એ જીતી ગયો. એની ચૂંટણીને ઉમેદવારી પત્રમાં ખોટી માહિતી આપવા માટે પડકારાઈ હતી પણ એને ફગાવી દેવાઈ હતી. ટૂંકમાં નહોતો પ્રજવલ રેવન્ના અભણ કે ગામોટ. ધન સંપત્તિનો તો તોટો ન જ હોય. પરંતુ એના કુકર્મ એવા કે રાજકીય હરીફો ચૂંટણીના દિવસે ઘેરઘેર ફરીને રેવન્નાના વિડીયો બતાવતા હતા. આવી ફરિયાદ ખુદ એક ચૂંટણી એજન્ટે જ કરી હતી.

પ્રજ્વલ રેવન્નાને સંડોવતા સેક્સ સ્કેન્ડલને મીડિયામાં મહત્ત્વ મળવાથી સરકારને એસ.આઈ.ટી. (સ્પેશ્યલ ઈન્વ્સેટીગેશન ટીમ) બનાવવાની ફરજ પડતી. આમ કરવું અનિવાર્ય હતું. કારણકે પ્રજ્વલ રેવન્નાને સંડોવતા વીડિયોની હજારો પેન ડ્રાઈવ વહેંચાઈ હતી. આમાંથી કેટલીક પેન ડ્રાઈવ તો બગીચા, બસ સ્ટોપ અને સ્ટેડિયમ જેવા જાહેર સ્થળો પરથી મળી આવી હતી. અલબત્ત પક્ષે ટાંગ તો ઊંચી જ રાખી હતી કે એસ.આઈ.ટી.ની તપાસ ન પતે ત્યાં સુધી પ્રજ્વલ રેવન્નાને પક્ષમાંથી હાંકી કઢાયા છે. રેવન્ના હાથ લાગતો નહોતો એટલે આ મામલો સરકાર અને પક્ષની આબરૂનો સવાલ હતો. એસ.આઈ. ટી.એ. 2024ની 31મી મેના રોજ ઈન્ટરપોલની મદદ માંગી અને પાંચમી મેએ બ્લુ કોર્નર નોટિસ બહાર પડાઈ. આને પગલે 31મી મેના રોજ મ્યુનિકથી લુફથાન્સા એરલાઈનના વિમાનમાં બેંગ્લોર ઉતરતાવેંત કેપગોવડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પ્રજવલ્લ રેવન્નાની ધરપકડ થઈ.

અહીં આ મામલો પૂરો ન થયો, બલકે સાચા અર્થમાં કહી શકાય કે આ તો અસલી શરૂઆત હતી, એક શર્મનાક દાસ્તાનની. (ક્રમશ:)

